ગાંધીનગર સમાચાર

ફીક્સ પગાર મેળવતા કર્મચારીઓની માગણીઓ સ્વીકારવા જાગૃત નાગરિક પરિષદની માંગ

# એક માસમાં રખડતા ઢોરથી ૧૫ શહેરીજનો ઘવાયા

ગાંધીનગર, તા.૨૭

શહેરના રાજમાર્ગો પર રખડતા પશુઓએ પોતાનો અડીંગો જમાવી દીધો છે. આ પશુઓના ત્રાસથી નગરજનો તેમજ વાહનચાલકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. શહેરમાં દ્વીચક્રી વાહન પરની જીંદગી જોખમાઈ રહી છે. ગમે ત્યારે માર્ગ વચાળે રખડતા પશુઓ આવી જતા અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. શહેરમાં છેલ્લા એક મહિનામાં પશુઓનો પરિણામે થયેલા અકસ્માતમાં ૧૫ થી વધુ નાગરીકો ઘવાયા છે. આજે સવારે પણ ઘ-૨ વિસ્તારમાં રખડતા પશુ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી. યુવાનને ગાંધીનગર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે સ્થાનિક નાગરીકો લઈ ગયા હતા. શહેરમાં વિવિધ સ્થળે ત્રણ બનાવો



રખડતા ઢોરને લીધે બનવા પામ્યા હતા.શહેરમાંથી રખડતા ઢોરનો કાયમી ઉકેલ તંત્ર દ્વારા લાવવામાં આવે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.

ચોમાસાની સિઝનમાં રખડતા ઢોર શહેરના માર્ગોને પોતાનો અડીંગો જમાવી દે છે. શહેરના સેકટરના આંતરીક માર્ગ સહિત મુખ્ય માર્ગો પર ઢોર મોટીમાત્રામાં બેસી રહેતા વાહન ચાલકોને પારાવાર પરેશાની ભોગવવી પડે છે. શહેરના માર્ગો પર ઢોરને છુટ્ટા મુકી દેતા પશુ માલિકો પર કડક કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવે તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે. શહેરમાં છેલ્લા એક માસમાં ઢોર માર્ગ વચ્ચે આવી જતા અકસ્માતના ૧૨ થી વધુ બનાવો બનવા પામ્યા છે. જેમાં બાઈક ચાલકોને નાની મોટી ઈજા પહોંચી છે તેમજ વાહનને ભારે માત્રામાં નુકશાન પહોંચ્યું છે. ત્યારે શહેરના ઘ-૧ તરફથી ઘ-૩ તરફ બાઈક લઈને જતા યુવકને ઘ-૨ પાસે અચાનક પશુ આવી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવકને શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી અને બાઈકને નુકશાન થયુ હતું. શહેરના રસ્તાઓ પર ટુ-વ્હીલર પરની જીંદગી જોખમાઈ રહી હોય તેવું ચિત્ર સ્પષ્ટ બન્યું છે.જયારે બીજો બનાવ ચ-૭ થી સે-૩૦ સર્કલ તરફ જતી કારની વચ્ચે અચાનક નાનું વાછરડુ આવી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં વાછરડાને ઈજા પહોંચી હતી.સદભાગ્યે કારમાં સવાર મુસાફરોને ઈજા પહોંચી નહોતી.જયારે ત્રીજા બનાવમાં ઘ-૬ વિસ્તારમાં એક વિદ્યાર્થીને રખડતા પશુએ શીંગળે ભરાવતા ઈજા પહોંચી હતી. શહેરમાં એક જ દિવસમાં રખડતા ઢોરના ત્રણ કિસ્સા બનવા પામ્યા હતા. આ સમસ્યાનો તંત્ર દ્વારા કાયમી ઉકેલ આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે. શહેરના મુખ્ય પ્રાણ પ્રશ્નોનો નિવેડો આવે ત્યારે ખરા અર્થમાં ગાંધીનગર શહેર સ્માર્ટ સીટી બની રહેશે.

## @ગાંધીનગર

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે અર્ધસત્ય નાટક યોજાશે.
- હેપ્પી યુથ કલબ દ્વારા સરકારી આર્યુવેદિક હોસ્પિટલના સહકારથી સવારના ૯ થી બપોરના ૧૨ કલાક દરમિયાન વાવોલની એમ.બી. પટેલ હાઈસ્કુલ ખાતે નિઃશુલ્કપણે સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ યોજાશે.
- કૃષ્ણ ભજન મંડળ દ્વારા જયોતિબેન પુરાણીના નિવાસસ્થાન પ્લોટ નં. ૭/૧, સે-૨-એ ખાતે બપોરના ૩ થી ૬ કલાક દરમિયાન નંદ મહોત્સવ અને ભજનનો કાર્યક્રમ યોજાશે.
- તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮.૦૦ કલાકે સે-૧૨, બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસન દ્વારા નિ:શુલ્કપણે સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ યોજાશે.
- શ્રી રામધામ વાવોલ ખાતે પૂ.મહંત મધુસુદનદાસ બાપુની નિશ્રામાં દ્વાદશ જયોર્તિલીંગ કથા યોજાશે.
- આર્ટ ઓફ લીવીંગ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સવારે ૭.૩૦ કલાકે આર.કે. પટેલ હાઈસ્કુલ રણાસણ ખાતે રૂદ્રપૂજા યોજાશે.
- સીમાબેન ભરતભાઈ દવેના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૯૪, ૪/એ પ્રમુખ એપાર્ટમેન્ટ, ગોપાલ ડેરી સામે, સે-૨૦ ખાતે સાંજે ૬.૦૦ કલાકે સામુહિક રૂદ્રપૂજા યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે બીપીનભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન સી-૪૦૨, દેવકૃપા રીધમ, પ્રમુખ લોટસ પાસે, ખ-૦, સરગાસણ ચોકડી ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભાનુભાઈ ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૬૫/૧, પંચવટી પાર્ક ખાતે રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.
- રૂદ્રાભિષેક મંડળ દ્વારા મહેન્દ્ર શુકલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૧૫/૧, સે-૨-ડી ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

- ગાંધીનગર અમદાવાદ શહેરી બસ સેવાની કેટલીક એસટી બસના ડ્રાઈવરો દ્વારા નિયત રૂટ કરતા અન્ય માર્ગથી બસ હંકારવાની ફરિયાદો છાશવારે ઉઠતી રહે છે. શનિવારે પણ પોલિટેકનિક રૂટની સાંજના ચાર વાગ્યાની બસ ઘ-૪ થી ઘ માર્ગ પર થઈને એસટી ડેપો જવાને બદલે ટાઉનહોલ થી ચ-૩ તરફ ડ્રાઈવરે હંકારી લેતા મૂળ રૂટ પર અનેક મુસાફરો રાહ જોતા અટવાઈ પડયા હતા.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચોમાસાની ઋતુના કારણે દર્દીઓ તથા મુલાકાતીઓના પગરખાથી ગંદકી ફેલાતી હોવાથી તમામે પગરખાં બહાર જ કાઢવા ફરજ પડાઈ રહી છે જેના કારણે અસંતોષ વ્યાપ્યો છે. પગરખા બહાર કાઢવાને કારણે ચોરી થઈ જવાની, ગુમ થઈ જવાની કે અસ્તવ્યસ્ત થઈ જોડીઓ છુટી પડી જવાની ફરિયાદો સર્જાવા પામી છે.
- ઓનલાઈન શોપીંગનો ક્રેઝ શહેરના યુવાનોમાં જોવા મળી રહ્યો છે પરંતુ એક યુવાનને કડવો અનુભવ થવા પામ્યો છે. માત્ર ૨૦ દિવસ પહેલા મંગાવેલ બ્રાન્ડેડ કંપનીના નવા નક્કોર ફોનમાં બેટરી હીટ થઈ જવાથી ફોનની પાછળના ભાગે બેક કવર ગરમ થઈ તેમાં કાણું પડી જવા પામ્યું છે.

# સે-૨૮ અને સે-૨૭ની પ્રાથમિક શાળાઓમાં ગૂંજ ફાઉન્ડેશનનું વ્યસન મુકિત અભિયાન

ગાંધીનગર, તા.૨૭

ગૂંજ ફાઉન્ડેશન દ્વારા આજે શહેરની વધુ બે સરકારી પ્રાથમિક શાળાઓમાં વ્યસનમુકિત જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સે-૨૮ની પ્રાથમિક શાળા ભાગ-૨ અને સે-૨૭ની પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં અગ્રણી સામાજિક કાર્યકર વિદ્યા લાયબ્રેરીના પ્રદિપસિંહ વાઘેલા, જાણીતા સાહિત્યકાર તથા કોલમિસ્ટ સંજય થોરાત, એડવોકેટ કોલમિસ્ટ અશ્વિન ત્રિવેદી તથા યુવા અગ્રણી પાર્થ ઠકકર સહિત સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં ગૂંજ ફાઉન્ડેશન વતી કમલેશ સિસોદિયાએ વ્યસનના ગેરફાયદા સમજાવી તેનાથી દૂર રહેવા બાળકોને પ્રેરિત કર્યા હતા. પ્રદિપસિંહ વાઘેલાએ બાળકોને સારી આદતો કેળવવા અનુરોધ કર્યો હતો. સંજય થોરાતે બાળકોને સુસંસ્કારનું વ્યનસ અપનાવવા પ્રેરિત કર્યા હતા તો એડવોકેટ અશ્વિન ત્રિવેદીએ વ્યસન



નશાબંધી અંગે બાળકોનો કાયદાકીય સમજ પુરી પાડી હતી.

કાર્યક્રમના અંતો ગૂંજ ફાઉન્ડેશનના વિજયસિંહ માજીરાણાએ બાળકોનો આજીવન વ્યસન મુકત રહેવાના શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમના અંતમાં શાળાના આચાર્ય દ્વારા ગૂંજ ફાઉન્ડેશન પ્રતિ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગૂંજ ફાઉન્ડેશન તથા સ્કાયગૃપના સેવાભાવી સભ્યોએ હાજરી આપી હતી.

## ફીકસ પગાર મેળવતા કર્મચારીઓની માગણીઓ સ્વીકારવા જાગૃત નાગરિક પરિષદની માંગ

સાતમા પગાર પંચની ભલામણોનો ભારત સરકારની જેમ ગુજરાત સરકાર પણ ૧લી ઓગષ્ટથી અમલ કરશે તેવી મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે તેને 'ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે' હાર્દિક આવકાર આપ્યો છે. રાજય સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનરોએ આ નિર્ણયથી ગુજરાત સરકારની ગતિશીલતાનો અનુભવ કર્યો છે.

સરકાર તેના ફીકસ પગાર મેળવતા કર્મચારીઓની માગણી પણ તરત જ સ્વીકારે તેવો 'ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ' સરકારને અનુરોધ કરે છે. નોકરીના શરૂઆતના વર્ષોમાં જ યુવાન-યુવતીને જીવનના લગ્ન જેવા મહત્વના નિર્ણયો લેવાના હોય છે ત્યારે તેમને મળતા પગારની રકમ સામાજિક રીતે બહુ મહત્વ ધરાવતી હોય છે. આવા કર્મચારીઓને સરકારની અગાઉની નીતિઓ મુજબ પુરો પગાર મળતો થશે તો ભ્રષ્ટાચાર પર પણ નિયંત્રણ આવશે કેમ કે તંત્ર આર્થિક સ્થિતિ ભ્રષ્ટાચારની પ્રેરક બનતી હોય છે. સરકાર દ્વારા ૧૧ માસના કોન્ટ્રેકટ પર રખાતા (મુખ્યત્વે આરોગ્ય વિભાગના) કર્મચારીઓને ખાલી જગ્યાઓ પર નિયમિત ધોરણે આપવાની આવશ્યકતા છે. લાંબા સમયથી ખાલી રહેલી જગ્યાઓ હવે ઝડપથી ભરવી જોઈએ.

## વાવોલ બ્રહ્માકુમારીઝ દ્વારા જન્માષ્ટમી તથા પ્રકાશમણી સ્મૃતિ દિવસ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૭

જન્માષ્ટમીની સાથે સાથે બ્રહ્માકુમારીઝના મુખ્ય પ્રશાસિકા દાદીજી પ્રકાશમણિજીના ૯માં સ્મૃતિ દિવસને



સર્વ બ્રહ્માકુમારી ભાઈ-બહેનોએ શ્રધ્ધા અને ભાવથી ઉજવ્યો હતો. દાદીજીના જીવનની ઝરમર બ્ર.કુ. મનોજભાઈએ સંભળાવી હતી.

કાર્યક્રમમાં શ્રી રાધે-કૃષ્ણ, શ્રી લક્ષ્મી-નારાયણ, શ્રીકૃષ્ણ-બલરામની ઝંખી રાખી હતી સાથે સાથે કંસ વધ નાટક પણ બાળકો દ્વારા રજુ કરાયું હતું. પરમાત્માને ભોગ સ્વિકાર કરાયા બાદ સર્વ ભાઈ બહેનોને માખણ-સફરજનનો પ્રસાદ અને ફરાળી બ્રહ્મભોજન બધાએ સાથે મળી સ્વીકાર કર્યું હતું. આ પ્રસંગે બ્ર.કુ. હંસાદીદીએ જન્માષ્ટમી પર વિકારો અને વ્યસનોના જેલમાંથી છુટી, કલિયુગના દ્વાર ખોલી સતયુગી પાવન દુનિયામાં જવા માટે સર્વને પ્રેરણા આપી હતી.

## સેલ્સ ઈન્ડિયા નોન-બેકિંગ ફાઈનાન્શીયલમાં બીબીએના વિદ્યાર્થીઓનું ઈન્ટેનશીપ પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓની ઈન્ટેનશીપ માટે કોલેજ ખાતે અદભુત કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે પ્રેકટિકલ જ્ઞાન સાથે ૭૦૦૦ રૂપિયા જેટલું માતબર સ્ટાઈપેન્ડ મેળવશે અને આ ૩૦ દિવસમાં તાલીમ મેળવી મેનેજમેન્ટ અભ્યાસક્રમ સાથે સાથે પ્રેકટિકલ જ્ઞાન મેળવવાના અભિગમનો સદુપયોગ કરશે.

વિદ્યાર્થીઓ ઈન્ટેનશીપ દરમિયાન માર્કેટિંગ તેમજ ફાઈનાન્સ ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે જાણીતી કંપની સેલ્સ ઈન્ડિયામાં વિવિસ પાસાઓ સમજી સામન્ય ઉપભોકતાને તેના વિષે સાચી સમજ આપશે. સાંપ્રત સમયમાં જન માનસ પર મેનેજમેન્ટ બાબતે અનેક ભ્રાંતિ જોવા મળે છે ત્યારે માર્કેટિંગ તેમજ બિજનેસ મેનેજમેન્ટ એડમિનીસ્ટ્રેશન બાબતે લોક જાગૃતિ અનિવાર્ય છે.

કંપનીનો પરિચય આપતા મેનેજર વિરલ શાહ એ જણાવ્યું હતું કે સેલ્સ ઈન્ડિયાની સ્થાપના ૧૯૭૧માં અમદાવાદ ખાતે



કરવામાં આવી હતી. આજે દેશની પ્રતિષ્ઠિત કંપની બનેલ સેલ્સ ઈન્ડિયાના ૨૩ સ્ટોર્સ તેમજ ૭ વેરહાઉસ આવેલા છે. કંપની ૫૦૦થી વધારે કર્મચારીઓ ધરાવે છે. ગુજરાતની પ્રતિષ્ઠિત કંપનીમાં બીબીએના વિદ્યાર્થીઓ ફાઈનાન્સ તેમજ માર્કેટિંગ બાબતોની પ્રાયોગિક તાલીમ મેળવશે. જેમાં કંપનીના એચ.આર. મેનેજર વિરલ શાહ તેમજ સીનિયર મેનેજર પંકિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ તરફથી ડૉ. જયેશ તન્ના દ્વારા મેનેજર વિરલ શાહ તેમજ સિનિયર મેનેજર પંકિત શાહને આવકાર્યા હતા. કંપની પ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રી-ઈન્ટેનશીપ તાલીમ અપાઈ હતી અને ત્યારબાદ તેઓના પર્સનલ ઈન્ટરવ્યુ લીધા હતા. કંપની દ્વારા વિદ્યાર્થીઓને પસંદગી બાદ તાલીમ આપવામાં આવશે.

તૃતીય વર્ષના ૩૧ વિદ્યાર્થીઓ સમર ઈન્ટેનશીપ માટે કોલેજ ખાતે યોજાયેલ ઈન્ટેનશીપ ડ્રાઈવમાં જોડાયા હતા જેમાંથી ૨૭ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવાયા હતા અને તમામ પસંદગી પ્રક્રિયા બાદ ૧૨ વિદ્યાર્થીઓ પસંદ થયા હતા જે કોલેજ માટે ગૌરવની બાબત છે.

કોલેજ તરફથી ઈન્ટેનશીપ પ્લેસમેન્ટ ડ્રાઈવને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. આશિષ ભુવાએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# સાધર્મિક ભકિતથી જૈન પરિવારોમાં સ્નેહના સંબંધનો સેતુ રચાશે

**યુવાચાર્ય પૂ. નરરત્નસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી શહેરમાં પ્રથમવાર અનોખો પ્રયોગ : ચિઠ્ઠીઓ ઉપાડી જે નામ આવ્યા હોય તે મુજબ યજમાન પરિવારને ત્યાં મહેમાન પરિવાર ભોજન કરવા પધારશે : ગરીબ-તવંગરનો ભેદ તથા વર્ષોની કટુતા હોય તો ઓગળી જશે**

ગાંધીનગર, તા.૨૭

જેની સાથે આપને વર્ષોથી અબોલા હોય અને જેને તમે તમારો દુશ્મન કે વિરોધી ગણતા હોય તે તમને તમારા ઘરે આવી આપના ચરણ દૂધથી પખાળી પોતાના ઘરે સપરિવાર ભોજનનું આમંત્રણ આપે તો આપનો તેના પ્રત્યેનો અભિગમ બદલાઈ જાય કે નહીં? જે મિત્ર સાથે તમારે માત્ર હાય હલ્લો પૂરતા સંબંધ હોય તેને તમે તેના પરિવાર સહિત તમારા ઘરે જમવા બોલાવો તો અને પ્રેમથી જમાડો તો તમારી મિત્રતા ગાઢ પારિવારિક સંબંધમાં પરિણમે કે નહીં? આ અનોખો પ્રયોગ ગાંધીનગરના આશરે સો જેટલા જૈન પરિવારોમાં આચાર્ય પૂ. નરરત્નસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી કરવામાં આવ્યો છે. જેને તેઓ સાધર્મિક ભકિત કહે છે.

આગામી પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના કર્તવ્ય ભાગરૂપે પૂ. નરરત્નસૂરીશ્વરજી મ.સા. સેકટર-૨૨ જૈન સંઘ ખાતે આ અનોખું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શુક્રવારના પ્રવચન બાદ આશરે સો પરિવાર માટે બે બેની જોડીમાં પરિવારના મુખ્યકર્તાના નામની ચિઠ્ઠી ઉપાડવામાં આવી હતી. આ ચિઠ્ઠી ઉપાડવામાં જે પરિવારનું પ્રથમ નામ આવે તે યજમાન બનશે અને જે પરિવારનું નામ દ્વિતિય ક્રમે આવ્યું હોય તે પરિવાર મહેમાન બનશે. આમ આશરે પચાસ પરિવારો યજમાન બની જમાડશે તથા પચાસ પરિવારો તેમના મહેમાન બની તેમના ઘરે ભોજન ગ્રહણ કરશે. 'સાધર્મિક ભકિત' નામના આ અનોખા







પ્રયોગનો હેતુ માનવી માનવી વચ્ચેનો સંબંધનો સેતુ મજબુત કરવા તથા સમાજમાંથી દ્વેષ, ઈર્ષા અને અહમ અભિમાન વગેરેને ઓગાળી પારિવારિક ભાવના કેળવવાનો છે. આ પ્રયોગમાં એવા પણ પરિવારોની જોડીઓ રચાઈ છે જેમાં યજમાનપદે શ્રીમંત પરિવાર હોય અને મહેમાન પદે ગરીબ પરિવાર હોય અથવા વર્ષોથી અબોલા કે વેર ધરાવતા પરિવારો હોય જેમની કટુતા આ પ્રસંગથી દૂર થવા પામી છે. શ્રીમંત પરીવાર ગરીબને ઘરે જઈ તેના ચરણ દૂધ પાણીથી પખાળી પોતાના ઘરે જમવા આમંત્રિત કરશે અથવા ગરીબના ઘરે જઈ પ્રેમથી જમશે. આમ સાધર્મિક ભકિત દ્વારા બે પરિવારો વચ્ચે અનોખો સ્નેહનો સેતુ રચાશે જેમાં નાના મોટાનો ભાવ ઓગળી જશે આવું ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમવાર થવા જઈ રહ્યું છે.

શુક્રવારે ઉપાડવામાં આવેલ ચિઠ્ઠીઓ અનુસાર યજમાન પરિવાર શનિવાર મહેમાન પરિવારને આમંત્રણ આપવા તેમના ઘરે સપરિવાર જઈ રહ્યા છે અને મહેમાન પરિવારના દૂધથી ચરણ પખાળી આમંત્રણ આપી રહ્યા છે. હવે રવિવારે તમામ મહેમાન પરિવારો સપરિવાર યજમાનના ઘરે જઈ હેતથી ભોજન ગ્રહણ કરશે. આમ એક નવતર પ્રયોગ દ્વારા ભાવિકોમાં સાચા સ્નેહના સંબંધ સાથે પર્યુષણ પર્વ પૂર્વે ધાર્મિક ભાવના પણ સુગઠિત થશે.



ગાંધીનગરના સે-૨૫માં જીઆઈડીસી ખાતે હરસિધ્ધ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે જન્માષ્ટમીના પર્વની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડે ઉપસ્થિત રહી વાલીઓને બાળકોમાં બાલકૃષ્ણના દર્શન કરી તેમની સુષુપ્ત શકિતને ઓળખવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે શાળામાં મટકી ફોડ ઉપરાંત સાંસ્કૃતિક મનોરંજક કાર્યક્રમો પણ યોજાયા હતા. જેમાં શાળા પરિવાર સહિત બાળકોના વાલીઓ સહિત મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## ચિરવિદાય

- સ્વ. સોનલબેન અશોકભાઈ પટેલ, ઉ.વ. ૩૩
- સ્વ. જયદિપસિંહ ધર્મેન્દ્રસિંહ રાજપૂત, ઉ.વ. ૨૦
- સ્વ. પોપટજી છગુજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. કુસુમબેન વિનોદરાય દેસાઈ, ઉ.વ. ૮૬
- સ્વ. જડાબેન ભીખાભાઈ પઢીયાર, ઉ.વ. ૮૭
- સ્વ. તારાબેન વિઠ્ઠલદાસ પંચાલ, ઉ.વ. ૮૫